આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૫૪ | ૨૫ નવેમ્બર, ૨૦૧૩, સોમવાર; કારતક વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


પ્રારબ્ધ અને પુરૂષાર્થના બેવના માર્ગ ભિન્ન છે, છતાં જ્યારે તે બેવ મળે છે ત્યાં અદ્‌ભૂત સફળતા અચૂક પ્રગટે છે

- ચંદ્રકાન્ત બક્ષી



કલ્પનાની રંગપૂર્તિ : ગાંધીનગર રોટરી કલબ, કલરવ, જેસીઆઈ અને લલિતકલા અકાદમીના સંયુક્ત સહયોગથી યોજાયેલ બાલચિત્ર સ્પર્ધાને પ્રચંડ પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો... વહેલી સવારે ૧૮૦૦ બાળકો સ્પર્ધામાં ભાગ લેવા ટાઉનહોલની લોનમાં ઉમટ્યા હતા. મેળા જેવા માહોલમાં બાળકોએ સુંદર મજાના ચિત્રો દોરી અને પોતાની કલ્પનાને કાગળમાં કંડારી હતી. રંગબેરંગી વાતાવરણમાં બાળકોની કલ્પના શક્તિને વિકાસાવવાના આ પ્રસંશનીય પ્રયાસ સલામને પાત્ર છે... નગરની સ્વૈચ્છિક અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા બાળકોની આંતરિક શક્તિના વિકાસ માટે યોજાયેલો આ અભિનવ કાર્યક્રમ નગરજનોએ હર્ષભેર વધાવી લીધો હતો...

# સ્વસ્થ ગુજરાતની કાર્યયોજના ઘડાશે

## આગામી ત્રીજી ડિસેમ્બરે મહાત્મા મંદિરમાં આરોગ્ય વિભાગ દ્વારા યોજાયેલ કોન્ફરન્સમાં ૪૫૦૦થી વધુ તબીબો ભાગ લેશે : રાજ્યના મુખ્યમંત્રી કોન્ફરન્સને ખુલ્લી મુકશે

ગાંધીનગર, તા. ૨૪

સ્વસ્થ ગુજરાતની રચના માટેની કાર્યયોજના તૈયાર કરવા માટે આગામી ૩જી ડિસેમ્બરના રોજ મહાત્મા મંદિર ખાતે એક વિશેષ કોન્ફરન્સનું આયોજન રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

રાજ્ય સ્તરની આ અતિ મહત્વની કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી કરનાર છે. આ કોન્ફરન્સમાં વિશ્વ આરોગ્ય સંસ્થા, યુનિસેફ તેમજ પબ્લીક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિઓ પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે.

આ એક દિવસીય કોન્ફરન્સમાં ૮ જેટલા જુદા જુદા વિષયોને આવરી લેતા સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું છે. ‘સ્વસ્થ ગુજરાત - એજન્ડા ફોર એક્શન’ ના બેનર તળે યોજવામાં આવેલ આ કોન્ફરન્સ અંગેની તડામાર તૈયારીઓ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

રાજ્યભરમાંથી આરોગ્ય ક્ષેત્રે સેવાઓ આપી રહેલા ૪૫૦૦ થી વધુ તબીબો હાજરી આપનાર છે. આરોગ્ય સેવાઓના સઘનીકરણ, આરોગ્ય સેવાઓમાં ટેકનોલોજીનો ઉપીયોગ, ગુણવત્તા સુધારણા અભિયાન સહિતના ઘણા બધા મુદ્દાઓની સેમિનારમાં ચર્ચાઓ થનાર છે.

ગુજરાતમાં રાજ્ય સરકારે ‘સ્વસ્થ ગુજરાત સ્વચ્છ ગુજરાત’નો એજન્ડા સ્વીકાર્યો છે ત્યારે આ પ્રકારની પ્રથમવાર ચર્ચા થઈ રહી છે તેને લઈ વિભાગમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા આ સેમિનારના વક્તાઓની પસંદગીમાં દેશના નામાંકિતોને નિંમંત્ર્યા હોવાથી તેમને સાંભળવા માટે પણ તબીબી જગતમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.


“ર” અને યુનિસેફ તેમજ પબ્લીક હેલ્થ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ આખો દિવસ હાજરી આપનાર છે. ઈન્ક્લુઝીવ હેલ્થકેરનો પણ સેમિનારના એક વિષય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે તેથી સૌની નજર તેના પર વિશેષ છે.

આ કોન્ફરન્સમાં ગુજરાતે આરોગ્ય ક્ષેત્રે મેળવેલ સફળતાઓ અને સિદ્ધિઓની આલેખતી એક વિશેષ ફિલ્મ પણ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવી છે તે દર્શાવવામાં આવનાર છે.

ગુજરાતમાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે ખાસ ભાર છેલ્લા પાંચ વર્ષમાં મુકવામાં આવ્યો છે અને તે દિશામાં સરકાર સફળ પણ રહી છે પરંતુ આરોગ્ય સેવાઓના સુદઢીકરણ અને સઘનીકરણ પર પહેલીવાર આવી કોન્ફરન્સ યોજાઈ રહી છે.

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એબેલીટી ગુજરાતના પ્રોગ્રામને અમલી બનાવ્યા પછી હવે કાર્યયોજના પણ આ સેમિનારને અંતે તૈયાર થઈ જશે. આને કારણે રાજ્યની આરોગ્ય સેવાઓ માટેનો એક આખો સંપૂર્ણ રોડમેપ તૈયાર કરવામાં તંત્રને સરળતા રહેશે અને આગામી દિવસોમાં તેના અમલીકરણ થકી ‘સ્વસ્થ ગુજરાત’ની રચનાને નવો વેગ મળશે.

આ કોન્ફરન્સમાં રાજ્યના તમામ ખૂણામાંથી તબીબો જોડાશે એટલું જ નહિ આરોગ્યતંત્રના અન્ય અધિકારીઓ અને આરોગ્ય સેવાની મોટી સંસ્થાઓ પણ જોડાનાર છે. આ કોન્ફરન્સને લઈ એક પ્રદર્શન પણ યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.




# સર્વસમાવેશક વિકાસ એજ આ સરકારનો ધ્યેય

## માણસામાં રૂ. ૨૮ કરોડના વિકાસ કામોનો નાણામંત્રી નિતિન પટેલના હસ્તે શિલાન્યાસ

### માણસામાં ધારાસભ્ય અમીત ચૌધરીને બોલવાની તક ના મળતાં ગણગણાટ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે યોજાયેલા વિકાસ કામોના શિલાન્યાસ પ્રસંગે ધારાસભ્યશ્રી અમીત ચૌધરીને બોલવા માટેની તક ના આપવામાં આવતાં સમગ્ર પંથકમાં ગણગણાટ થવા લાગ્યો છે.

સાંસદ જયશ્રીબેન પટેલને લોકપ્રતિનિધિ તરીકે બોલવાની તક અપાઈ તો અમીત ચૌધરી પણ લોક પ્રતિનિધિ છે તેમને આ તક આપવી જ જોઈએ તેવી દલીલો સાથે આ ગણગણાટ આરંભાયો છે.

માણસા ખાતેના આ સમારોહમાં નાણાંમંત્રીશ્રી નીતિન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય શ્રી અમીત ચૌધરીના નિકટવર્તી સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નીતિનભાઈ પ્રભારી મંત્રી પણ હોવાથી તેઓ માણસાના પ્રશ્નો અંગે તેમની સાથે જાહેરમાં રજુઆત કરી ન્યાય માંગવાના હતા પરંતુ આ તક આયોજકોએ આપી ન હતી.

મળતી વિગતો પ્રમાણે સમારોહના સ્થળે જ શ્રી અમીત ચૌધરીએ કૂપોષણથી પીડાતા બાળકોને દત્તક લેવા માટે તેમણે આપેલી દરખાસ્તને લઈ આરોગ્યમંત્રી સમક્ષ તીવ્ર નારાજગી ઉદાસીન વલણને લઈ કરી હતી.

પ્રભારી મંત્રીશ્રીએ આ મુદ્દે પ્રાંત અધિકારીને તાકીદે કાર્યવાહી કરવા અને તેમને થયેલ કાર્યવાહીથી વાકેફ કરવા માટે સૂચના પણ આપી હોવાનું જાણવા મળેલ છે.

તંત્રના ઉદાસીન વલણ સામેની તીવ્ર નારાજગીને પારખી ગયેલા આયોજકોએ એટલે જ શ્રી ચૌધરીને પ્રવચનની તક નહિ આપી હોવાની વાતો પણ ચર્ચામાં છે.

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યમાં વિકાસને સર્વસમાવેશક બનાવવાની અને દેશને નવી રાજનીતિનો માહોલ પુરૂ માટે વિવાદ નહિ વિકાસ એ જ લક્ષ્ય અને સમાજના છેવાડાના માનવીને તેનો સીધો લાભ મળે તે અગ્રતાના આધારે રાજ્ય સરકારે આપી સર્વાંગી અને સંતુલિત વિકાસ કરવામાં આવી રહ્યો છે.

તેમણે જણાવ્યુ કે કલોલ ખાતે આવા જ વિકાસ કામો હમણાં



પાડવાનું કામ ગુજરાત સરકારે કર્યું છે તેમ રાજ્યના નાણાંમંત્રી શ્રી નીતિન પટેલે આજે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે ગુજરાતમાં સરકાર મતબેંકની કે ભાગલાવાદી રાજનીતિને તિલાંજલિ આપી સર્વસમાવેશક વિકાસની રાજનીતિને વરેલી છે. તેમણે જણાવ્યું કે વિકાસ કામો હાથ ધર્યા છે.

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે આજે રૂ. ૨૮ કરોડના વિકાસ કામોનો શિલાન્યાસ કર્યા બાદ નગરજનોને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે સંતુલિત વિકાસની સાથે સાથે લોકોની સુવિધાઓને અગ્રતા આપવામાં સરકારે કોઈજ કચાશ રાખી નથી. સરકારી કચેરીઓનું નિર્માણ હોય કે રોડ રસ્તાના કામો, વીજળીકરણ હોય કે ગરીબો માટેના આવાસની યોજનાઓ દરેકને સરખુ મહત્વ થોડા સમય પહેલાં જ શરૂ થયા છે આજે માણસામાં શરૂ થઈ રહ્યા છે. ચોક્કસ સમય-મર્યાદાનું પાલન કરી લોકોની સુખાકારીને અગ્રતા આપવામાં આવે તે જ આ કામોનું મહત્વ દર્શાવે છે.

સ્વચ્છ સમાજ અને સ્વસ્થ ગુજરાતની રચના એ રાજ્ય સરકારનો મુખ્ય મંત્ર છે. આ દિશામાં હાલ કાર્યવાહી ચાલી રહી છે. પાણીની વિતરણ વ્યવસ્થાના સુદઢીકરણ બાદ સ્વચ્છતા માટે

● અનુસંધાન પાન-૭


SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા
ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

R WORLD BIG Cinemas
HIT | HIT | SUPERHIT
R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Gori Tere Pyar Mein (U/A) - 9.00 am, 12.15 & 6.45 pm
Singh Saab The Great (U/A) - 10.00 am, 3.30 & 10.00 pm
Ram Leela (U/A) - 1.00, 4.00, 7.00 & 10.15 pm *schedule subject to change
telebooking 09601553030
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia